| Publication: Suryakaal | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 26, 2016 | Page: 6 |

# HPL ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડનો આઈપીઓ ૨૬મીને સોમવારે બંધ થશે

અમદાવાદ, શનિવાર

એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ (કંપની)એ રૂા. ૨૦૨ની કિંમતના એક એવા ૫૩,૬૧,૩૮૫ ઈક્વિટી શેરની ફાળવણીને અંતિમ ઓપ આપ્યો છે, જેમાંથી કંપની કુલ રૂા. ૧૦૮.૩ કરોડનું ભંડોળ ઉભું કરશે.

કંપનીએ રોકડના બદલામાં રૂા. ૧૦ની ફેસવેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર (ઈક્વિટી શેર)નો આઈપીઓ ૨૨ સપ્ટમ્બર, ૨૦૧૬ના રોજ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. તેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા. ૧૭૫થી રૂા. ૨૦૨ છે. કંપની આ આઈપીઓ (ઈશ્યૂ)માંથી રૂા. ૩,૬૧૦ મિલિયનનું ભંડોળ ઊભું કરવાનો ઈરાદો ધરાવે છે. ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ને સોમવારે બંધ થશે. બિડ લઘુત્તમ ૭૦ ઈક્વિટી શેર માટે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

ઈસ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ (બીઆરએલએમ) એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ છે.